રાજ્યમાં વ્હેલ શાર્કને બચાવવા માટેની યોજના

જુનાગઢ- ૨૫/૦૧/૨૦૨૪

(૩)

★ 15/4/2154 શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ અકબરી (જામનગર(દક્ષિણ) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગુજરાતના દરિયા કિનારે મળતી વ્હેલ શાર્કને બચાવવા રાજ્ય સરકારે કોઇ યોજના અમલમાં મૂકેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સદર યોજનાની વિગતો શી છે, | (૨) સદર યોજનામાં ગુજરાત સરકારશ્રીના તા.૧૫/૦૩/૨૦૧૨ના ઠરાવ મુજબ માછલી પકડવાની નેટ (જાળ)માં ફસાઇ ગયેલ વ્હેલ શાર્કને બચાવવા નેટ (જાળ) કાપી મુક્ત કરતાં નેટ (જાળ)ને થયેલું કુલ નુકશાન અથવા તો રૂ.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) એ બે માંથી જે ઓછું હોય, તેટલા પ્રમાણમાં વળતર ચૂકવવાની જોગવાઇ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલ શાર્ક સંરક્ષણ યોજના અંતર્ગત કેટલી વ્હેલ શાર્ક બચાવવામાં આવી, અને | (૩) (see table below) |
| (૪) ઉક્ત પૈકી કેટલું વળતર ચૂકવેલ છે? | (૪) (see table below) |

(૩)

| વર્ષ | બચાવવામાં આવેલ વ્હેલ શાર્ક |
|---|---|
| ૨૦૨૨ | ૪૧ |
| ૨૦૨૩ | ૩૧ |

(૪)

| વર્ષ | ચુકવેલ વળતર (રૂપિયા) |
|---|---|
| ૨૦૨૨ | ૪,૭૨,૫૫૦/- |
| ૨૦૨૩ | ૪,૩૦,૯૦૦/- |

ક્રમાંક:વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર.-૨૧/ડબલ્યુ
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.:-૨૦/૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા,
સચિવાલય, ગાંધીનગર.

તેઓશ્રીના તારીખ: ૦૭/૦૨/૨૦૨૪ના પત્ર અન્વયે જરૂરી કાર્યવાહી સારું (વધારાની ત્રણ નકલો સાથે)

(મનીષ મોદી)
સંયુકત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

# અગ્રતાક્રમાંક.૧૪

શ્રી દિવ્યેશભાઈ અકબરી (જામનગર દ.)

**પ્રશ્ન –**

**વ્હેલશાર્ક (બેરલ) માછલીથી માછીમારોની નેટ (જાળ)ને નુકશાન માટે જે રૂ.૨૫ હજારનું વળતર ચુકવવામાં આવે છે. તેમાં સરકાર કોઈ વધારો કરવા માંગે છે કે કેમ?**

**જવાબ –**

- **વન અને પર્યાવરણ વિભાગ દ્વારા** વ્હેલશાર્કનાં સંરક્ષણ માટે માછીમારો દ્વારા દરિયામાં બિછાવેલ જાળમાં અકસ્માતે ફસાઈ જતી વ્હેલશાર્કને જાળ કાપી મુકત કરવા પ્રેરાય તે હેતુથી વ્હેલશાર્કને બચાવવા નેટ (જાળ) કાપી મુકત કરતાં નેટ (જાળ)ને થયેલ કુલ નુકશાન અથવા તો **રૂ.૨૫ હજાર એ બે માંથી જે ઓછું હોય,** તેટલા પ્રમાણમાં વળતર ચુકવવામાં આવતું હતું.

- તાજેતરમાં **રાજ્ય સરકારશ્રી દ્વારા તા.૧૫/૦૨/૨૦૨૪નાં ઠરાવથી** વ્હેલશાર્કને બચાવવા નેટ (જાળ) કાપી મુકત કરતાં નેટ (જાળ)ને થયેલ કુલ નુકશાન અથવા તો **રૂ.૫૦ હજાર એ બે માંથી જે ઓછું હોય,** તેટલા પ્રમાણમાં વળતર ચુકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

- **વ્હેલશાર્ક (બેરલ) માછલીના બચાવની કામગીરી બદલ જુનાગઢ વન વિભાગને ભારત સરકાર યુ.એન.ડી.પી. દ્વારા ઈન્ડિયા બાયો ડાયવર્સિટી એવોર્ડ તા.૨૨.૦૫.૨૦૧૪નાં રોજ અંદામાન ખાતે એનાયત થયેલ છે.**

# અગ્રતાક્રમાંક.૧૪

શ્રી ભગાભાઈ બારડ (તાલાળા)

**પ્રશ્ન –**

**છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં કયા જીલ્લામાં કેટલી વ્હેલશાર્ક (બેરલ) માછલી બચાવવામાં આવી?**

**જવાબ–**

**છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર બચાવવામાં આવેલ વ્હેલશાર્ક (બેરલ)ની વિગત જોઈએ તો...**

| ક્રમ | વર્ષનું નામ | જીલ્લાનું નામ | મુક્ત કરેલ વ્હેલશાર્ક (બેરલ) માછલીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૧૯ | ગીર સોમનાથ | ૩૯ |
| ૨ | વર્ષ ૨૦૨૦ | ગીર સોમનાથ | ૨૭ |
| ૩ | વર્ષ ૨૦૨૧ | ગીર સોમનાથ | ૫૦ |
| ૪ | વર્ષ ૨૦૨૨ | ગીર સોમનાથ | ૪૧ |
| ૫ | વર્ષ ૨૦૨૩ | ગીર સોમનાથ | ૩૧ |
| | | કુલ --- | ૧૮૮ |

વધારાની ત્રણ

**તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ રાજ્યમાં મુક્ત કરવામાં આવેલ વ્હેલશાર્ક (બેરલ) સામે કોઈ સહાય ચુકવવાની બાકીમાં છે?**

**જવાબ:-**

➢ હા, જી

➢ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ રાજ્યમાં મુક્ત કરવામાં આવેલ વ્હેલશાર્ક (બેરલ) સામે કુલ-**૩૧ પૈકી ૨૯ કેસોનું ચુકવણું કરવામાં આવેલ છે** તથા **૨ કેસોનું ચુકવણું કરવાનું બાકીમાં હતું.**

➢ **સદરહું ૨ કેસોની હાલની સ્થિતીએ નીચે મુજબ ચુકવણું કરવામાં આવેલ છે.**

(૧) અરજદારશ્રી **ભરતભાઈ હરીલાલ ગોહિલ** રહે.વેરાવળ બંદરનો બનાવ તા.૧૮/૧૧/૨૦૨૩નાં રોજ બનવા પામેલ જેઓને **રૂ.૧૭ હજાર નું ચુકવણું તા.૦૯/૦૨/૨૦૨૪નાં રોજ** કરવામાં આવેલ છે.

(૨) અરજદારશ્રી **નારણભાઈ રામજીભાઈ ડાલકી** રહે.વેરાવળ બંદરનો બનાવ તા.૨૩/૧૨/૨૦૨૩નાં રોજ બનવા પામેલ જેઓને **રૂ.૧૩ હજાર ૬૦૦નું ચુકવણું તા.૦૯/૦૨/૨૦૨૪નાં રોજ** કરવામાં આવેલ છે.

# અગ્રતાક્રમાંક.૧૪ પૂરક નોંધ

- શાર્ક પ્રજાતિની સૌથી મોટી ગણાતી વ્હેલશાર્ક (બેરલ) માછલીની સંખ્યામાં ઉતરોત્તર ઘટાડો થતા, આ માછલીને કેન્દ્ર સરકાર દ્વારા વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ના શિડયુલ-૧માં સમાવીને તેના કાયદાકીય રક્ષણની જોગવાઈ કરવામાં આવેલ છે.
- વ્હેલશાર્કના સંરક્ષણ માટે માછીમારો દ્વારા દરિયામાં બિછાવેલ જાળમાં અકસ્માતે ફસાઈ જતી વ્હેલશાર્કને જાળ કાપી બહાર કાઢવાને બદલે માછીમારો વ્હેલશાર્કને મારી નાખી પોતાની જાળને નુકશાન થવા દેતા નથી.
- આવા સંજોગોમાં માછીમાર તેની જાળ કાપી વ્હેલશાર્કને મુકત કરવા પ્રેરાય તે હેતુથી **વન અને પર્યાવરણ વિભાગનાં તા.૧૫-૦૩-૨૦૧૨નાં ઠરાવથી** વ્હેલશાર્કનાં સંરક્ષણ માટે માછીમારો દ્વારા દરિયામાં બિછાવેલ જાળમાં અકસ્માતે ફસાઈ જતી વ્હેલશાર્કને જાળ કાપી મુકત કરવા પ્રેરાય તે હેતુથી વ્હેલશાર્કને બચાવવા નેટ (જાળ) કાપી મુકત કરતાં નેટ (જાળ)ને થયેલ કુલ નુકશાન અથવા તો **રૂ.૨૫ હજાર એ બે માંથી જે ઓછું હોય,** તેટલા પ્રમાણમાં વળતર ચુકવવાની જોગવાઈ છે.
- તાજેતરમાં **રાજ્ય સરકારશ્રી દ્વારા તા.૧૫/૦૨/૨૦૨૪નાં ઠરાવથી** વ્હેલશાર્કને બચાવવા નેટ (જાળ) કાપી મુકત કરતાં નેટ (જાળ)ને થયેલ કુલ નુકશાન અથવા તો **રૂ.૫૦ હજાર એ બે માંથી જે ઓછું હોય,** તેટલા પ્રમાણમાં વળતર ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

(૯) પાછળી

➢ **વ્હેલશાર્ક સંરક્ષણ યોજના અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પાછલા બે વર્ષમાં વ્હેલશાર્ક બચાવવામાં આવેલ અને ચુકવવામાં આવેલ વળતરની વિગત નીચે મુજબ છે.**

| **ક્રમ** | **વર્ષ** | **બચાવવામાં આવેલ વ્હેલશાર્ક** | **ચુકવેલ વળતર (રૂ. લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૨૨ | ૪૧ | ૪,૭૨,૫૫૦/- |
| ૨ | વર્ષ ૨૦૨૩ | ૩૧ | ૪,૩૦,૯૦૦/- |
| | કુલ-- | **૭૨** | **૯,૦૩,૪૫૦/-** |

➢ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ રાજયમાં મુક્ત કરવામાં આવેલ વ્હેલશાર્ક (બેરલ) સામે કુલ-**૩૧ પૈકી ૨૯ કેસોનું ચુકવણું કરવામાં આવેલ છે** તથા **૨ કેસોનું ચુકવણું કરવાનું બાકીમાં હતું**. જેનું **હાલની સ્થિતીએ નીચે મુજબ ચુકવણું કરવામાં આવેલ છે.**

(૧) અરજદારશ્રી **ભરતભાઇ હરીલાલ ગોહિલ** રહે.વેરાવળ બંદરનો બનાવ તા.૧૮/૧૧/૨૦૨૩નાં રોજ બનવા પામેલ જેઓને **રૂ.૧૭ હજાર નું ચુકવણું તા.૦૯/૦૨/૨૦૨૪નાં રોજ** કરવામાં આવેલ છે.

(૨) અરજદારશ્રી **નારણભાઇ રામજીભાઇ ડાલકી** રહે.વેરાવળ બંદરનો બનાવ તા.૨૩/૧૨/૨૦૨૩નાં રોજ બનવા પામેલ જેઓને **રૂ.૧૩ હજાર ૬૦૦નું ચુકવણું તા.૦૯/૦૨/૨૦૨૪નાં રોજ** કરવામાં આવેલ છે.

વ્હેલ શાર્ક (બેરલ) માછલીથી માછીમારોની નેટ (જાળ)ને થતા નુકશાન સામે વળતર આપવા બાબત.

ફરાવ

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક : FED/WRT/e-file/6/2024/0096/W
સચિવાલય, ગાંધીનગર.
તા. 15/02/2024

વંચાણે લીધા :

(૧) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો સરકારી ઠરાવ ક્રમાંક : ડબલ્યુએલપી-૨૦૦૬-૧૪૬૧-ગ.૧, તા.૨૧/૧૨/૨૦૦૬.

(૨) વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો સરકારી ઠરાવ ક્રમાંક : વપસ/૧૦૧૧/૧૫૧૧/ડબલ્યુ, તા.૧૫/૦૩/૨૦૧૨.

(3) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યપ્રાણી), ગાંધીનગરના સિંગલ ફાઈલ ક્રમાંક : વપસ/૨૬/બ/૩૯/૨૦૨૩-૨૪,તા.૦૬/૧૨/૨૦૨૩.

આમુખ :

શાર્ક પ્રજાતિની સૌથી મોટી ગણાતી વ્હેલ શાર્ક (બેરલ) કેટલીક વાર માછીમારો દ્વારા દરિયામાં બીછાવેલ જાળમાં અકસ્માતે ફસાઈ જાય છે. તેવા સંજોગોમાં માછીમારો દ્વારા વ્હેલ શાર્કને મારી નાખવાના બદલે તેની જાળ કાપી વ્હેલ શાર્કને મુક્ત કરવા પ્રેરાય, તે હેતુથી જાળ કાપવાથી થતા નુકશાન બદલ વળતર/સહાય ચુકવવાની જોગવાઈ ઉપરોક્ત સંદર્ભ- (૧) તથા (૨)ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ હતી. જેમાં હાલમાં વધી રહેલ મોંઘવારી પ્રમાણે તથા વિવિધ માછીમાર એશોસીએશન તથા સંગઠનો તરફથી મળેલ રજુઆતો ધ્યાને લેતા સંદર્ભ-(૩)થી મળેલ દરખાસ્ત મુજબ વળતર/સહાયમાં વધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

//ઠરાવ//

સરકારશ્રી દ્વારા કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે, માછીમારો દ્વારા દરિયામાં માછલી પકડવા માટે બીછાવવામાં આવેલ જાળમાં ફસાયેલ વ્હેલ શાર્કને જાળ કાપી મુક્ત કરવાના કિસ્સામાં વંચાણે લીધા સંદર્ભ-(૨)ના ઠરાવમાં તમામ શરતો અને જોગવાઈઓને યથાવત રાખી વળતરની રકમ રૂ. ૨૫,૦૦૦/- થી વધારીને મહત્તમ રૂ. ૫૦,૦૦૦/- કરવા આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ મોદી)
સંયુક્ત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

(૧) અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (વન અને પ.વિ.), સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (વન અને પ.વિ.), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
(૩) અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ), સચિવાલય,ગાંધીનગર.
(૪) અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રી (વન અને પ.વિ.), સચિવાલય,ગાંધીનગર.
(૫) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૬) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યપ્રાણી) , ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૭) સીસ્ટમ મેનેજર, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
(૮) શાખા સીલેક્ટ ફાઈલ

KWP

Signature Not Verified
Signed by: Manish Modi
Joint Secretary
Date: 2024.02.15

File No: FED/WRT/e-file/6/2024/0096/W Section
Approved By: Minister,Minister Office,FED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**પ્રશ્ન:** છેલ્લા ૧૦ વર્ષમાં વ્હેલશાર્ક શિકાર બાબતે કોઇ ફરિયાદ/ગુનો નોંધાયેલ છે ?

**જવાબ:** ના,જી

છેલ્લા ૧૦ વર્ષમાં વ્હેલશાર્ક શિકાર બાબતે કોઇ ફરિયાદ/ગુનો નોંધાયેલ નથી.